"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

**રેફ. નં. : એજીટીટીએ/૨૦૨૧-૨૨/૨૦** **તા.૦૩-૦૫-૨૦૨૧**

**પ્રતિશ્રી,**
**માન.શ્રી ઉષા રાડા સાહેબ**
**(ડી.એસ.પી ગ્રામ્ય)**
**સુરત.**

**<u>વિષય :- કામરેજ ટોલબુથ ઉપર બનાવટી ઈસમો દ્વારા રૂ.૩૦૦/-ની પાવતી આપી પૈસા ઉઘરાવવાની ગેરકાયદાકીય પ્રવૃત્તિની રજુઆત અર્થે</u>**

**માનનીય શ્રી,**

સવિનય જણાવવાનું કે અમને ઘણાબધા ટ્રાન્સપોર્ટરો પાસેથી મળેલી ફરીયાદ મુજબ ગઈ તા.૨૪-૦૪-૨૧થી રાતના કામરેજ ટોલબુથ ઉપર પોલીસ ડીપાર્ટમેન્ટ કે રાજય સરકાર કે રોડ સુરક્ષાના નામે જબરદસ્તીથી ગાડી રોકીને પાવતી આપી રૂા.૩૦૦/-નું ઉઘરાણું કરવામા આવે છે. ભુતકાળમાં પણ આવા વ્યકિતઓ દ્વારા રાજયના જુદા જુદા હાઈવે ઉપર માત્ર મધરાત્રેજ આવી પ્રવૃત્તિ આચરવામાં આવેલ અને જયારે જયારે અમને ઘ્યાનમાં આવેલ ત્યારે જેતે વિસ્તારના પોલીસવડા અને ગૃહ વિભાગમાં જાણકારી આપેલ અને તે અંગે ડી.જી. સાહેબની ઓફિસમાંથી પણ આ બાબતને રોકવા માટેનો નિર્દેશ આપવામાં આવેલ.

ઉપરોકત બાબતે અમોએ પહેલા કામરેજ પી.આઈ.શ્રી મહેશભાઈ ગીલાતરને જાણ કરેલ અને ત્યારબાદ તા.૨૬-૦૪-૨૧ના રોજ પરોઢીયે ૩.૦૦ કલાકે કોઈ ગાડીવાળનો ફોન આવતા ફરીથી તે જ કલાકે તેમને જાણકારી આપેલ. ત્યારબાદ આ પ્રવૃત્તિ બંધ ન થતા અમોએ ડી.વાય.એસ.પી.-શ્રી સી.એમ. જાડેજા ને પણ આ બાબતની રજુઆત કરેલ અને તેમણે આગળ યોગ્ય કરવા કડક સુચના પણ આપેલ, પરંતુ આજ દિન સુધી આ પ્રવૃત્તિ બંધ થઈ નથી.

આપ જાણો છો તેમ અત્યારે દરેક ટોલબુથ ઉપર ફાસ્ટટેગ ફરજીયાત છે અને તેથી ડ્રાઈવરને ટોલબુથ પસાર થતી વખતે કોઈપણ પ્રકારની લેવડ-દેવડ અંગે કોઈના સંપર્કમાં આવવાની જરૂર રહેતી નથી, પણ આવીરીતે ગેરરીતી કરનારા વ્યકિતઓનું ટોળું ગાડીઓ રોકી કે ગાડીઓમાં ચઢી જઈને ડ્રાઈવર જોડે સંપર્કમાં આવે છે. જે આજની પેન્ડેમીક પરિસ્થિતિમાં ખુબ જ ખતરનાક અને ભયજનક છે. આમ પણ અમારો ટ્રાન્સપોર્ટ વ્યવસાય ૨૫% જેટલા ડ્રાઈવરોની અછતોનો સામનો કરે છે અને દરેક ટ્રાન્સપોર્ટ કપનીઓ અને ગાડી માલીકો જરૂરી, અતિજરૂરી અને જીવન નિર્વાહના પદાર્થોની ખુબ જ મુશ્કેલીથી યાતાયાત કરી વ્યવસ્થા તંત્રને જાળવી રાખવામાં મદદ કરે છે. ત્યારે આવા ગેરરીતી આચરનારા લોકોને છુટોદોર મળે તે આપણાં રાજય માટે બહુ દુર્ભાગ્યની વાત છે.

આ ઉપરાંત જયારે જયારે અમોને રાત્રે ફોન આવ્યા છે ત્યારે દરેક વખતે ટોલબુથ ઉપર પોલીસ જીપ હાજર હોય છે

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



અને તે જીપના નંબર પણ અમોએ વોટસઅપ દ્વારા પી.આઈ. સાહેબ તથા ડી.વાય.એસ.પી. સાહેબને મોકલેલ છે. (જી.જે.-૧૮-૦૧૨૯ અને જી.જે.-૧૮-જીબી-૧૨૧૫ અને જી.જે.-૦૫-જીકે-૧૯૧૧) વધુમાં અમોને રાતના જ્યારે જ્યારે કોઈનો પણ ફોન આવે ત્યારે અમે કહેલ કે ત્યાં કોઈ પોલીસ વાળા હાજર હોય તો વાત કરાવો તો તે વખતે હાજર એવા કોઈપણ પોલીસવાળા વાત કરવા તૈયાર નથી હોતા.

અમોએ આ સાથે અપાતી રસીદની નકલ બીડેલ છે.

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન એ ૧૯૭૮થી આપણાં રાજયની ટ્રાન્સપોર્ટ વ્યવસાયિકોની રાજયસ્તરની એક માત્ર સંસ્થા છે અને આ સંસ્થા ૧૦૫થી પણ વધારે તાલુકા/જીલ્લા/મોટા શહેરોના એસોસીએશનોનું પ્રતિનીધીત્વ કરે છે જેઓની સાથે આપણાં રાજયના આશરે ૧૦.૫ લાખ વ્યાપારીક વાહનો સંકળાયેલા છે અને એક જાગૃત સંસ્થાના નાતે અમો આપને ખાત્રી પુર્વક રજુઆત કરીએ છીએ કે આ પ્રવૃત્તિ માત્રને માત્ર ગેરકાયદેસર છે અને જેતે વિસ્તારના અમલદારોની જાણમાં તેમજ રહેમનજર હેઠળ ચાલે છે.

અમને આશા છે કે અમારી આપને કરેલ આ રજુઆતને ધ્યાનમાં લઈ તુરંત કડક પગલાં લેશો અને ગેરકાયદે રીતે લુંટાતા ગરીબ ડ્રાઈવરો અને ગાડીમાલીકોને બચાવવામાં મદદ કરશો.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)

બીડાણ : બનાવટી રસીદની નકલ

નકલ રવાના :

૧ માન.શ્રી આશીષ ભાટિયા સાહેબ (આઈપીએસ)
ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (ડી.જી.પી.)
અને મુખ્ય પોલિસ અધિકારીશ્રી
સેકટર ૧૮, ગાંધીનગર-૩૮૨૦૧૮

૨ માન.શ્રી રાજકુમાર પાંડિયન સાહેબ
એડીશ્નલ ડીજીપી, સુરત રેન્જ
પોલીસ હેડ કવાર્ટર આઠવા લાઈન્સ નજીક,
અઠવા લાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

૩ માન.શ્રી સી.એમ. જાડેજા
(ડી.વાય.એસ.પી.) -સુરત.

૪ માન.શ્રી મહેશભાઈ ગીલાતર
પી.આઈ. કામરેજ પોલીસ સ્ટેશન
કામરેજ.